Advertisement No. R.C./B.1303/2023 (Class-IV)

# હાઈકોર્ટ ઓફ ગુજરાત

## સોલા, અમદાવાદ–૩૮૦૦૬૦.

વેબસાઈટ્સ: https://hc-ojas.gujarat.gov.in તથા www.gujarathighcourt.nic.in

**જાહેરાત ક્રમાંકઃ આર.સી./બી.૧૩૦૩/૨૦૨૩ (વર્ગ–૪)**

ગુજરાત હાઈકોર્ટમાં **એટેન્ડન્ટ–કમ–કૂક** (વર્ગ–૪) ના કર્મચારીઓની ભરતી.

| ઓનલાઈન અરજી કરવાનો સમયગાળો | | |
|---|---|---|
| શરૂ થતી તારીખ અને સમય | તા. ૦૫/૦૨/૨૦૨૪ | બપોરે ૧૨:૦૦ કલાકથી |
| છેલ્લી તારીખ અને સમય | તા. ૧૯/૦૨/૨૦૨૪ | રાત્રીના ૨૩:૫૯ કલાક સુધી |

| યોજાનાર પરીક્ષાનો સંભવિત કાર્યક્રમ (નોંધ: અનિવાર્ય સંજોગોના કિસ્સામાં નીચેના કાર્યક્રમમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા ફેરફાર કરી શકાશે) | |
|---|---|
| રૂબરુ મુલાકાત દ્વારા ચકાસણી | માર્ચ – ૨૦૨૪ |
| કૂકિંગ સ્કિલ ટેસ્ટ | એપ્રિલ – ૨૦૨૪ |

**અગત્યની નોંધ:**

૧. સામાન્ય રીતે ઓનલાઈન અરજી કરવાના છેલ્લા બે–ત્રણ દિવસમાં મોટાભાગના ઉમેદવારો અરજી કરતા હોય છે, જેને લીધે સર્વર ઉપર ભારણ વધવાના કારણે તેમજ ઉમેદવારોની પોતાની ટેકનીકલ ભૂલના કારણે ઘણા ઉમેદવારો ઓનલાઈન અરજી કરી શકતા નથી. આથી તમામ ઉમેદવારોએ છેલ્લા દિવસોમાં અરજી ન કરતા, **સમયસર ઓનલાઈન અરજી કરવી હિતાવહ છે.**

૨. ઓનલાઈન અરજી ઉપરાંત ભરતી પ્રક્રિયાને સબંધિત તમામ પ્રકારની માહિતી જેવી કે ઉમેદવાર માટેની સૂચનાઓ, કોલલેટર ડાઉનલોડ કરવા સબંધિત સૂચના, નોટીસ, પરીક્ષાના કાર્યક્રમ, પરિણામ, પસંદગી યાદી વગેરે માટે ઉમેદવારે હાઈકોર્ટ ખાતે ફોન ન કરતા, ઉપર દર્શાવેલ વેબસાઈટ સમયાંતરે જોતા રહેવું.

ગુજરાત હાઈકોર્ટમાં વર્ગ–૪ ના કર્મચારી **એટેન્ડન્ટ–કમ–કૂક ની કુલ–૧૮ (૦૫ રેગ્યુલર પગાર + ૧૩ ફીક્સ પગાર) જગ્યાઓ** સ્પર્ધાત્મક પરીક્ષાના માધ્યમથી સીધી ભરતીથી ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી 'ઓનલાઈન અરજીઓ' મંગાવવામાં આવે છે, જેની વિગતવાર માહિતી નીચે મુજબ છે:

### ૧.(ક) કક્ષા/કેટેગરીદીઠ જગ્યાની સંખ્યા:

**રેગ્યુલર પગાર જગ્યાઓ માટે**

| કુલ જગ્યા | કક્ષા/કેટેગરી પ્રમાણે વિભાજન | | | | | કુલ જગ્યાઓ પૈકી કક્ષા/કેટેગરી પ્રમાણે મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | General | SC | ST | SEBC | EWS | General | SC | ST | SEBC | EWS | Ex-Servicemen | PH |
| **05** | 04 | - | - | 01 | - | 01 | - | - | - | - | 01 | 01 |

**નોંધ:-** અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના ઉમેદવારોની જગ્યા ન હોઈ, આ **કક્ષા/કેટેગરીના** ઉમેદવારોને સામાન્ય (જનરલ) **કક્ષા/કેટેગરી** ના ધારા/ધોરણો લાગુ પડશે. તેમ છતા ફી ભરવામાં તેમને રાહત આપવામાં આવશે.

**ફીક્સ પગાર જગ્યાઓ માટે**

| કુલ જગ્યા | કક્ષા/કેટેગરી પ્રમાણે વિભાજન | | | | | કુલ જગ્યાઓ પૈકી કક્ષા/કેટેગરી પ્રમાણે મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | General | SC | ST | SEBC | EWS | General | SC | ST | SEBC | EWS | Ex-Servicemen | PH |
| 13 | 08 | - | 01 | 03 | 01 | 03 | - | - | 01 | - | 03 | 01 |

**નોંધ:-** અનુસૂચિત જાતિ (SC)ના ઉમેદવારોની જગ્યા ન હોઈ, આ **કક્ષા/કેટેગરીના** ઉમેદવારોને સામાન્ય (જનરલ) **કક્ષા/કેટેગરી** ના ધારા/ધોરણો લાગુ પડશે. તેમ છતા ફી ભરવામાં તેમને રાહત આપવામાં આવશે.

**નોંધ:-** ગુજરાત સરકાર દ્વારા ફીક્સ પગાર માટેના પ્રવર્તમાન તમામ નિયમો/જોગવાઈઓ/નીતિઓ ફીક્સ પગારની જગ્યાઓ માટે લાગુ પડશે.

(૧) ઉપરોક્ત જગ્યાની નિયત **સંખ્યામાં ફેરફાર કરવાનો** અબાધિત અધિકાર નામદાર ગુજરાત હાઈકોર્ટને રહેશે.

(૨) **શારીરિક અશક્ત/દિવ્યાંગ માટેની સૂચના:-**
એટેન્ડન્ટ-કમ-કૂક કામગીરીનો પ્રકાર જોતા તેમજ 'ધી રાઈટ ઓફ પર્સન્સ વીથ ડીસએબીલીટી એક્ટ, ૨૦૧૬' ની સેક્શન-૩૪માં કરેલ જોગવાઈ અનુસાર માત્ર **'ઓર્થોપીડીકલી હેન્ડીકેપ્ડ (લોકોમોટોર ડીસએબીલીટી)'** ઉમેદવારો અરજી કરી શકશે.

**(ખ) પગાર ધોરણ :- રૂ.૧૫,૦૦૦-૪૭,૬૦૦/- (રેગ્યુલર પગાર) અને રૂ.૧૪,૮૦૦ (ફીક્સ પગાર).**

## ૨. અનામત:

**(ક) રેગ્યુલર પગાર જગ્યાઓ માટે:**
સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, શારીરિક અશક્ત/દિવ્યાંગ, મહિલા, અને માજી-સૈનિક વર્ગના ઉમેદવારોને સરકારના પ્રવર્તમાન નિયમો/હુકમો/ જોગવાઈઓ/ નીતિઓ અનુસાર છૂટછાટ મળવાપાત્ર રહેશે.

**(ખ) ફીક્સ પગાર જગ્યાઓ માટે:**
અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગ, શારીરિક અશક્ત/દિવ્યાંગ, મહિલા, અને માજી-સૈનિક વર્ગના ઉમેદવારોને સરકારના પ્રવર્તમાન નિયમો/હુકમો/જોગવાઈઓ/નીતિઓ અનુસાર છૂટછાટ મળવાપાત્ર રહેશે.

**(ગ)** મૂળ ગુજરાતનાં અનુ. જાતિ, અનુ. જન જાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવારો તરીકે લાભ મળશે.

## ૩. યોગ્યતા/લાયકાત અંગેના ધોરણો:

**(ક)** **જરૂરી લાયકાત:** (ઓનલાઇન અરજી કરવાની છેલ્લી **તા. ૧૯/૦૨/૨૦૨૪** ના રોજ)

(૧) ઉમેદવારે સરકાર માન્ય બોર્ડમાંથી 10 મું ધોરણ (SSCE) પાસ કરેલ હોવું જોઈએ.

(૨) ઉમેદવારને ગુજરાતી અને હિન્દી ભાષાનું જ્ઞાન હોવું જોઈએ.

(૩) ઉમેદવાર રસોઈ કામનો જાણકાર હોવો જોઈએ જેમ કે –

(ક) ઉમેદવારને રસોઈના વિવિધ સાધનો જેવા કે ચિમની, ઈન્ડક્શન, ઓવન, માઈક્રોવેવ, ગ્રિલ્સ, ટોસ્ટર્સ, ફ્રાયર્સ, સ્ટીમર્સ, કિટલી, ફૂડ–પ્રોસેસર્સ, રેફ્રિજરેટર્સ વગેરેનો ઉપયોગ કરતા આવડતું હોવું જોઈએ.

(ખ) ઉમેદવારને રસોઈમાં વપરાતા વિવિધ પ્રકારના મસાલાઓ(Spices and Herbs)ની જાણકારી તેમજ તેના યોગ્ય ઉપયોગ અંગેનું જ્ઞાન હોવું જોઈએ.

(ગ) તમામ પ્રકારની રસોઈ (Multi cuisine)નું જ્ઞાન હોવું જોઈએ સાથે જ ગુજરાતી, પંજાબી, સાઉથ ઈન્ડીયન, શાકાહારી અને માંસાહારી (Vegetarian and Non–Vegetarian), ચાઈનીઝ, કોન્ટિનેન્ટલ, ઈટાલીયન વગેરેનું અને તમામ પ્રકારના ફાસ્ટ ફુડ બનાવવાનું જ્ઞાન હોવું જોઈએ.

(ઘ) વધુ વ્યક્તિઓ માટે રસોઈ બનાવવાના સંજોગોમાં રસોઈનો સ્વાદ, સજાવટ તેમજ સ્વચ્છતા જળવાઈ રહે તે રીતે સપ્રમાણમાં(બગાડ થયા વગર) રસોઈ બનાવતા આવડવું જોઈએ.

(ચ) ઉમેદવારને રસોઈ બનાવવા ઉપરાંત તેને પિરસતી વખતે જરૂરી ગોઠવણી/ સજાવટ અને પ્રસ્તુતી (Plating and Presentation) અંગેનું જ્ઞાન હોવું જોઈએ.

**(ખ)** **અનુભવ:**

ઉમેદવાર પાસે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકાર/કોઈ પણ કોર્પોરેટ સંસ્થા/ સશસ્ત્ર દળો (Armed Forces) અથવા કોઈ પણ સરકારી ઉપક્રમ (Government Undertaking)માં રસોઈયા તરીકેનો ઓછામાં ઓછો ૦૨ વર્ષનો અનુભવ (work experience) હોવો જરૂરી છે.

**(ગ)** **પ્રાધાન્યતા:**

જે ઉમેદવારે કેન્દ્ર અથવા રાજ્ય સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત કોઈપણ પ્રતિષ્ઠિત સંસ્થામાંથી રસોઈકળાનો આઈ.ટી.આઈ./સર્ટીફીકેટ/ ડિપ્લોમા/ડિગ્રી ધરાવતો કોર્સ કરેલો હશે તેને પ્રાધાન્યતા આપવામાં આવશે.

**(ઘ)** **એટેન્ડન્ટ કમ કૂકની જવાબદારીઓ:**

(૧) તેણે/તેણીએ ગુજરાત હાઈકોર્ટના નામદાર મુખ્ય ન્યાયમૂર્તિશ્રી અને અન્ય માનનીય ન્યાયમૂર્તિશ્રીઓના નિવાસસ્થાને વિવિધ કાર્યો કરવાના રહેશે જેવા કે રસોઈ, ઘરકામ, સાફ–સફાઈ, બજારમાંથી માલસામાનની ખરીદી વગેરે જેથી તેમાં નિપુણ હોવા જોઈએ.

(૨) તેણે/તેણીએ નિર્દેશિત કર્યા મુજબ અન્ય તમામ ઘરગથ્થુ કામ કરવાના રહેશે.

(૩) તેણે/તેણીએ જરૂરિયાત મુજબ ઘરના કામમાં નિયમિત અને સમયનાં પાબંદ હોવા જોઈએ.

(૪) તેણે/તેણીએ માનનીય ન્યાયમૂર્તિશ્રીઓના ઘર સાથે જોડાયેલી ફરજો કે અન્ય જગ્યાએ ફરજો જે તેને રજાના દિવસો તથા કોઈપણ સમય દરમિયાન સોંપવામાં આવે તે બજાવવાની રહેશે.

(૫) ઉમેદવારે ઓનલાઇન એપ્લિકેશન ફોર્મમાં દર્શાવેલ બાંહેધરી આપવાની રહેશે.

**(ચ) વયમર્યાદા:–**(ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તા. **૧૯/૦૨/૨૦૨૪** ના રોજ)

| **ન્યૂનતમ વયમર્યાદા** | **મહત્તમ વયમર્યાદા** |
|---|---|
| ૧૮ વર્ષથી ઓછી ન હોવી જોઇએ | ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ. |

**(છ) <u>વયમર્યાદામાં છૂટછાટ:</u>–**

(૧) અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો, શારીરિક અશક્ત/દિવ્યાંગ, મહિલા, માજી સૈનિક અને આર્થિક રીતે નબળા વર્ગો ના ઉમેદવારોને સરકારના પ્રવર્તમાન નિયમો/હુકમો/જોગવાઇઓ/નીતિઓ અનુસાર નીચે મુજબ છૂટછાટ મળવાપાત્ર રહેશે.

| **કક્ષા/કેટેગરી** | **છુટછાટ** | **માજી સૈનિક** | **નીચલી અદાલત તેમજ અન્ય હાઈકોર્ટ ના કર્મચારીઓ માટે** |
|---|---|---|---|
| સામાન્ય અને અનુસૂચિત જાતિ | – | લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત ૩ વર્ષ | નીચલી અદાલત તેમજ અન્ય હાઈકોર્ટ ના કર્મચારીઓ માટે નીચે (છ) (૩) માં સૂચવ્યાનુસાર છૂટછાટ મળવાપાત્ર રહેશે. |
| મહિલા ઉમેદવારો | ૫ વર્ષ | | |
| અનુસૂચિત જનજાતિ | ૫ વર્ષ | | |
| સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | ૫ વર્ષ | | |
| આર્થિક રીતે નબળા વર્ગ (EWS) | ૫ વર્ષ | | |
| શારીરિક અશક્ત/દિવ્યાંગ | ૧૦ વર્ષ | | |

(૨) ફક્ત અનામત વર્ગોની સૂચિત જગ્યાઓ માટે જે તે અનામત ઉમેદવારોને જ પ્રવર્તમાન સરકારી નિયમો/ઓર્ડર મુજબ વયમાં છૂટછાટ આપવામાં આવશે.

(૩) નીચલી અદાલત તેમજ અન્ય હાઈકોર્ટ ના કર્મચારીઓને ઉપલી વયમર્યાદામાં નીચે મુજબ છૂટછાટ મળવાપાત્ર રહેશે:

**"અનામત તેમજ બિનઅનામત બન્ને વર્ગના ઉમેદવારોને લાગુ પડતી ઉપલી વયમર્યાદામાં <u>વધુમાં વધુ ૫ વર્ષ અથવા નોકરીનો ખરેખર પૂરો કરેલ સમયગાળો</u> બન્નેમાંથી જે ઓછુ હોય તેટલા સમયગાળાની છૂટછાટ ઉપલી વયમર્યાદામાં આપવામાં આવશે."**

**<u>નોંધ:</u> ઉંમરમાં છૂટછાટ મેળવવા માટે લાગુ પડતી તમામ પ્રકારની છૂટછાટનો લાભ મેળવ્યા બાદ, ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તા.૧૯/૦૨/૨૦૨૪ ના રોજ કોઇપણ ઉમેદવારની વય/ઉંમર ૪૫ વર્ષથી વધુ હોવી જોઇએ નહીં.**

## ૪. પરીક્ષા ફી અને ફી ભરવાની રીતઃ

(ક) **પરીક્ષા ફીઃ–** ઉમેદવારે નીચે મુજબ ફી ચૂકવવાની રહેશે.

| સામાન્ય વર્ગ | રૂ.૬૦૦/– + બેંક ચાર્જીસ |
|---|---|
| અ.જા./અ.જ.જા./સા.અને શૈ.પ.વર્ગ/શારીરિક અશક્ત(દિવ્યાંગ) / માજી સૈનિક/આ.ન.વર્ગના ઉમેદવારો માટે | રૂ.૩૦૦/– + બેંક ચાર્જીસ |

(ખ) **પરીક્ષા ફી ભરવાની રીતઃ–**

(૧) ઉમેદવારે **HC-OJAS** પોર્ટલ પર ઉપલબ્ધ '**પ્રિન્ટ એપ્લીકેશન/પે–ફી**' મેનુ બટન દ્વારા '**SBI e-pay**' થી ફી ભરવાની રહેશે. ઉમેદવારે ત્યાં આપેલ '**Instruction/Help**' ને ધ્યાનપૂર્વક વાંચી અને સમજી લેવી. ફી બે ઓપ્શન દ્વારા ભરી શકાશે. (અ) ઓનલાઇન પેમેન્ટ મોડ, (બ) ઓફ લાઇન પેમેન્ટ મોડ ('**SBI e-pay**' દ્વારા **કેશ ચલણ** ઓનલાઇન જનરેટ થશે).

(અ) **ઓનલાઇન પેમેન્ટ મોડઃ**
'**SBI e-pay**' દ્વારા નેટ બેન્કીંગ, ક્રેડીટકાર્ડ, ડેબીટકાર્ડ, મોબાઇલ બેન્કીંગના માધ્યમથી ઓનલાઇન ફી ભરી શકાશે. ઓનલાઇન પેમેન્ટ મોડથી ફી ભર્યા બાદ ઇ–રીસીપ્ટ મેળવી લેવાની રહેશે. જે પરીક્ષા સમયે ઉમેદવારે રજુ કરવાની રહેશે. જો કોઇ કારણોસર ટ્રાન્જેક્શન / પેમેન્ટ નિષ્ફળ થાય તો ઉમેદવારે ત્યાં આપેલ '**Instruction/ Help**' નુ પાલન કરવાનું રહેશે.

**નોંધ : ઇ–રીસીપ્ટ જે તે સમયે જ જનરેટ થતી હોવાથી તેની હાર્ડ કોપી અને સોફ્ટ કોપી સાચવીને રાખવી ત્યારબાદ ફરીથી મેળવી શકાશે નહી, તેની ખાસ નોંધ લેવી.**

(બ) **ઓફ લાઇન પેમેન્ટ મોડઃ**
જો ઉમેદવારે '**કેશ ચલણ (ઓફ લાઇન)**' ઓપ્શન સીલેક્ટ કરેલ હોય તો, 'કેશ ચલણ' પ્રિન્ટ કરી, ચલણમાં દર્શાવેલ અંતિમ તારીખ અને સમય સુધીમાં **SBI** ની કોઇપણ બ્રાન્ચમાં જરૂરી ફી ભરવાની રહેશે. ચલણની એક કોપી બેંક લઇ લેશે અને બીજી કોપી ઉમેદવારને પરત કરશે જે ઉમેદવારે પરીક્ષા/પ્રમાણપત્ર ચકાસણી (ડોક્યુમેન્ટ વેરીફીકેશન) સમયે રજૂ કરવાની રહેશે.

**નોંધઃ–ચલણમાં દર્શાવેલ અંતિમ તારીખ અને સમય પછી જરૂરી ફી ભરી શકાશે નહીં.**

(૨) <u>ઉમેદવારે ઇ–રીસીપ્ટ કે કેશ ચલણની કોપી ભરતી પ્રક્રીયા પૂર્ણ થાય ત્યાં સુધી સાચવીને રાખવાની રહેશે તથા જ્યારે જ્યારે હાઇકોર્ટ દ્વારા માંગવામાં આવે ત્યારે ત્યારે રજૂ કરવાની રહેશે.</u>

(૩) ઉમેદવારે કન્ફર્મ કરેલ 'ઓનલાઇન એપ્લીકેશન' ફક્ત ત્યારે જ માન્ય ગણાશે કે જ્યારે ઉમેદવારે નિયત સમયગાળા દરમિયાન '**SBI e–pay**' દ્વારા જરૂરી ફી ભરેલ હશે.

(૪) જે ઉમેદવારે નિયત સમયમર્યાદામાં ઓનલાઈન મોડ દ્વારા તા.૦૫/૦૨/૨૦૨૪ થી તા.૧૯/૦૨/૨૦૨૪ અથવા ઓફ લાઈન મોડ દ્વારા **કેશ ચલણમાં** દર્શાવેલ અંતિમ તારીખ સુધીમાં યોગ્ય ફી ભરેલ હશે તે ઉમેદવારની અરજીને જ માન્ય ગણવામાં આવશે.

(૫) આ સિવાય અન્ય કોઇ પણ માધ્યમ કે અન્ય બેંકમાં ભરેલ ફી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં અને જે તે ભરેલ ફી પરત પણ કરવામાં આવશે નહીં તેમજ અન્ય કોઇ જગ્યા/ભરતી માટે ભરેલ ફી તરીકે પણ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૬) એક વખત ફી ભર્યા બાદ કોઈપણ સંજોગોમાં ફી પરત કરવામાં આવશે નહીં, જેની દરેક ઉમેદવારે નોંધ લેવી. ઉમેદવારે સૌપ્રથમ વિગતવાર જાહેરાતનો અભ્યાસ કરી લેવો અને જો યોગ્યતા ધરાવતા હોય તો જ ઉમેદવારે સૂચવ્યાનુસાર ફી ભરવી.

## ૫. સ્પર્ધાત્મક પરીક્ષાનું માળખુ :

સ્પર્ધાત્મક પરીક્ષાનું માળખુ નીચે મુજબ રહેશે:

| ક્રમાંક | પરીક્ષાની વિગત |
|---|---|
| (ક) | રૂબરુ મુલાકાત દ્વારા ચકાસણી |
| (ખ) | કૂકિંગ સ્કિલ ટેસ્ટ |

### (ક) રૂબરુ મુલાકાત દ્વારા ચકાસણી : (સંભવિત માર્ચ–૨૦૨૪)

(૧) રૂબરુ મુલાકાત કુલ **૫૦ ગુણની** રહેશે.

(૨) ઉમેદવારે રજુ કરેલ ડોક્યુમેન્ટ્સ (ફકરા નંબર ૯.(૧૫) માં જણાવ્યા મુજબ)ના આધારે શોર્ટલીસ્ટ કરવામાં આવશે અને ફક્ત તે ઉમેદવારોને જ હાઈકોર્ટ દ્વારા રૂબરુ મુલાકાત માટે બોલાવવામા આવશે. હાઈકોર્ટ દ્વારા શોર્ટલીસ્ટ કરવાની પદ્ધતિ અને અધિકાર અંગેનો લેવામાં આવેલ નિર્ણય આખરી ગણવામાં આવશે.

(૩) જે ઉમેદવારો રૂબરુ મુલાકાત માટે શોર્ટ–લિસ્ટ થશે નહીં તેમની ફી કોઈપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહીં.

(૪) ઉમેદવાર શિસ્તબદ્ધ, આજ્ઞાકારી, વ્યવસ્થિત, વફાદાર, સારી વર્તણૂક, નમ્ર, સ્વચ્છ પહેરવેશ, મૃદુ–ભાષી, પ્રતિબદ્ધ અને સહિષ્ણુ હોવો જરૂરી છે.

(૫) રૂબરુ મુલાકાતમાં નીચે મુજબની યોગ્યતા/માપદંડના આધારે ઉમેદવારોની ચકાસણી કરવામાં આવશે :

ક) પ્રસ્તુતિ અને વાણી/ભાષા કૌશલ્ય
ખ) ડ્રેસિંગ સેન્સ
ગ) શિષ્ટાચાર
ઘ) રસોઈમાં કૌશલ્ય અને અનુભવ
ચ) વિવિધ રસોઈ ઉપકરણોના ઉપયોગનું અને રસોઈમાં વપરાતી વિવિધ વસ્તુઓનું જ્ઞાન.

(૬) જે ઉમેદવારોએ રૂબરુ મુલાકાતમાં ઓછામાં ઓછા **૪૦% ગુણ** મેળવેલ હશે તેઓને જ કૂકિંગ સ્કિલ ટેસ્ટ માટે બોલાવવામાં આવશે.

(૭) જો રૂબરુ મુલાકાત પરીક્ષામાં ખૂબ જ વધુ સંખ્યામાં ઉમેદવારો ઉત્તિર્ણ થશે તો, નામદાર હાઈકોર્ટ દ્વારા નિયત કરવામાં આવે તે પ્રમાણે મેરીટના આધારે મર્યાદિત સંખ્યામાં ઉમેદવારોને ભરતી પ્રક્રિયાના આગામી તબક્કા એટલે કે કૂકિંગ સ્કિલ ટેસ્ટ માટે યોગ્ય/લાયક ગણવામાં આવશે.

(૮) રૂબરુ મુલાકાત પરીક્ષા અમદાવાદ ખાતે લેવી કે અન્ય કેન્દ્ર/સ્થળે લેવી તે ઉમેદવારોની સંખ્યાને આધારે નક્કી કરવામાં આવશે.

(૯) હાઈકોર્ટ દ્વારા નક્કી કરવામાં આવે તે સ્થળે અને સમયે રૂબરુ મુલાકાત પરીક્ષા માટે હાજર રહેવા, જે તે ઉમેદવારે સ્વખર્ચે આવવા-જવાનું રહેશે.

**(ખ) કૂકિંગ સ્કિલ ટેસ્ટ** (સંભવિત એપ્રિલ-૨૦૨૪)

**(૧)** ઉમેદવારને રસોઈ બનાવવાની ક્ષમતા ચકાસવા માટે રૂબરુ બોલાવવામાં આવશે.

**(૨)** કૂકિંગ સ્કિલ ટેસ્ટ કુલ **૫૦ ગુણની** રહેશે.

**(૩)** કૂકિંગ સ્કિલ ટેસ્ટ અમદાવાદ ખાતે લેવી કે અન્ય કેન્દ્ર/સ્થળે લેવી તે ઉમેદવારોની સંખ્યાને આધારે નક્કી કરવામાં આવશે.

**(૪)** પસંદગી યાદીમાં સ્થાન મેળવવા માટે કૂકિંગ સ્કિલ ટેસ્ટમાં ઉમેદવારોએ ઓછામાં ઓછા **૫૦ % ગુણ** મેળવવાના રહેશે.

**(ગ) ઉમેદવારે https://hc-ojas.gujarat.gov.in વેબસાઈટ પરથી પરીક્ષાના એક સપ્તાહ અગાઉ ઈ-કોલલેટર ડાઉનલોડ કરવાનો રહેશે.**

**(ઘ) રસોઈ સંબંધિત લાયકાત અને અનુભવની ચકાસણી પછી ઉમેદવારોને શોર્ટલિસ્ટ કરવાનો નિર્ણય હાઈકોર્ટ દ્વારા લેવામાં આવશે અને પસંદગીના માપદંડ અંગે કોઈ વાંધા અરજી લેવામાં આવશે નહીં.**

## ૬. પસંદગી યાદી :

(૧) ઉમેદવારે **રૂબરુ મુલાકાત પરીક્ષામાં અને કૂકિંગ સ્કિલ ટેસ્ટમાં મેળવેલ કુલ ગુણના ૫૦%** મેળવેલ ગુણ ને ધ્યાને લઈ, મેરિટ તેમજ કેટેગરીના આધારે પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

(૨) જો ઉમેદવાર આપવામાં આવેલ નિમણૂંક, નિયત શરતોને આધીન, નિયત સમયમર્યાદામાં, નિયમોનુસાર સ્વીકારવામાં નિષ્ફળ જશે, તો **ઉમેદવાર નિમણૂંકનો હક ગુમાવશે.**

(૩) ઉમેદવાર પરીક્ષામાં સફળ થવા અથવા પસંદગી યાદીમાં સ્થાન મેળવવા માત્રથી જ નિમણૂંક મેળવવાના હકદાર બનશે નહીં જેની ખાસ નોંધ લેવી.

(૪) **પસંદગી યાદી ઉપર જણાવેલ હાઈકોર્ટ વેબસાઈટ** ઉપર મૂકવામાં/જાહેર કરવામાં આવશે.

## ૭. નિમણુંક માટેની અયોગ્યતાઃ

નીચે મુજબની વ્યકિત નિમણુંક માટે અયોગ્ય ગણાશેઃ

(૧) ભારતીય **નાગરિકત્વ** ધરાવતી ન હોય તેવી વ્યક્તિ,

(૨) સ્થાનિક કે વૈધાનિક/કાનુની સત્તામંડળ અથવા કોઈપણ હાઈકોર્ટ અથવા કેન્દ્રશાસિત પ્રદેશ કે કોઈપણ રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા **બરતરફ** કરવામાં આવેલ હોય તેવી કોઈપણ વ્યક્તિ,

(૩) એવી વ્યકિત કે જેને નૈતિક અધમતા જેવા ગુના માટે **ગુનેગાર સાબિત કે જાહેર** કરવામાં આવેલ હોય અથવા જેને નામદાર હાઈકોર્ટ કે કેન્દ્રીય જાહેર સેવા આયોગ (યુ.પી.એસ.સી) કે અન્ય ભરતી સત્તામંડળ કે પરીક્ષા આયોજીત કરતા કોઈપણ સત્તામંડળ દ્વારા પરીક્ષામાં બેસવા દેવામાંથી કે પસંદગી આપવામાંથી બાકાત રાખવામાં આવેલ હોય કે અયોગ્ય ઠરાવવામાં આવેલ હોય તેવી કોઈપણ વ્યક્તિ,

(૪) એવી કોઈપણ વ્યકિત કે જેને ભરતી સત્તામંડળને પોતાની ઉમેદવારીના સંદર્ભમાં **પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભલામણ-લાગવગ** કરેલ હોય,

(૫) એવો કોઈપણ **પુરુષ ઉમેદવાર** કે જે **એક કરતા વધારે જીવિત પત્ની** ધરાવતો હોય અને એવી કોઈપણ **સ્ત્રી ઉમેદવાર** કે જેણે એવા **પુરુષ** સાથે લગ્ન કરેલ હોય કે જે **અન્ય પત્ની** ધરાવતો હોય,

(૬) ઉમેદવાર, જે કોઈપણ પરીક્ષા/ટેસ્ટ દરમિયાન કોઈપણ પ્રકારના યાંત્રિક ઉપકરણ કે પરીક્ષાલક્ષી અન્ય સાહિત્ય-સામગ્રી સાથે પકડાયેલ હોય.

## ૮. ઓનલાઈન અરજી કરવાની રીતઃ

(૧) ઓનલાઈન અરજી કરતા પહેલા ઉમેદવારે સંપૂર્ણ અને વિગતવાર આ જાહેરાત ધ્યાનપુર્વક વાંચી અને સમજી ઉપર દર્શાવ્યા મુજબની યોગ્યતા ધરાવે છે કે કેમ? તેની ચકાસણી કરી લેવા સલાહ સુચન આપવામાં આવે છે તથા ઉમેદવાર દ્વારા ઓનલાઈન અરજીમાં ભરેલ વિગતો સંપૂર્ણપણે સાચી હોવી જોઈએ.

જો કોઈ ઉમેદવાર નિયત થયેલ યોગ્યતા અને ધોરણો પરિપૂર્ણ કરતો નહીં હોય અથવા કોઈ ઉમેદવારે પોતાની સામે થયેલ ફોજદારી/દીવાની ફરિયાદ સબંધિત મહત્વની વિગતો પૂરતી આપેલ નહીં હોય અથવા ગુંચવણભરી આપેલ હોય અથવા છુપાવેલ હશે, તો તેવા કિસ્સામાં તે ઉમેદવારની ઉમેદવારી જે તે તબક્કે રદ કરવામાં આવશે. જો નિમણૂંક પછી પણ આ પ્રકારની ખામી ત્રૂટીઓ ધ્યાન પર આવશે, તો તેની/તેણીની સેવાઓનો અંત તાત્કાલિક અસરથી લાવવામાં આવશે, તેમજ તેની સામે યોગ્ય પગલા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે ઓનલાઈન અરજીમાં પોતાની પાસે જ રહેનાર ચાલુ/એક્ટીવ મોબાઈલ નંબર દર્શાવવાનો/આપવાનો રહેશે. જરૂર જણાયે ઓનલાઈન અરજીમાં દર્શાવવામાં આવેલ રજીસ્ટર્ડ મોબાઈલ નંબર ઉપર **SMS** દ્વારા પરીક્ષા સબંધિત તેમજ અન્ય સૂચનાઓ ઉમેદવારને મોકલવામાં આવશે. આથી તે મોબાઈલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી કાર્યરત/એક્ટીવ રાખવાનો રહેશે, જે દરેક ઉમેદવાર માટે સલાહભર્યુ તેમજ હિતાવહ છે.

(૩) ઓનલાઈન અરજી કરતા પહેલા ઉમેદવારે ફોટો અને સહી નીચે જણાવેલ સાઈઝ/માપ મુજબ સ્કેન કરી અપલોડ કરવાના રહેશે. પાસપોર્ટસાઈઝના ફોટોગ્રાફની લંબાઈ/પહોળાઈ ૫ સે.મી. x ૩.૬ સે.મી. જેટલી અને સહીની લંબાઈ/પહોળાઈ ૨.૫

સે.મી. x ૭.૫ સે.મી. જેટલી હોવી જોઇએ. ફોટો અને સહીને અલગ-અલગ સ્કેન કરવી. સ્કેન કરેલ ફાઇલની સાઇઝ વધુમાં વધુ ૧૫ કે.બી. હોવી જોઇએ અને 'jpg' ફોર્મેટમાં જ સેવ કરવી.

(૪) **HC-OJAS (હાઈકોર્ટ ઓજસ) મોડ્યુલમાં ઓનલાઇન અરજી કરવાના સ્ટેપ :**

(ક) જાહેરાતનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યા બાદ, ઓનલાઇન એપ્લીકેશનમાં માંગવામાં આવેલ વિગતો સમજી તેમજ ચકાસી, ભૂલ રહિત ભરવી.

(ખ) 'Apply Online' બટન ઉપર ક્લીક કરી, ઓનલાઇન એપ્લીકેશન ફોર્મ ભરવુ.

(ગ) 'Document Upload' માં માંગેલ/ દર્શાવેલ જે તે દસ્તાવેજની PDF ફોર્મેટ (વધુમાં વધુ ૨૦૦ કે.બી.)ની ફાઈલ અપલોડ કરવાની રહેશે.

(ઘ) ઓનલાઇન એપ્લીકેશન ફોર્મના અંતે આપેલ 'SAVE' બટન ઉપર ક્લીક કરી ઓનલાઇન એપ્લીકેશનને સેવ કરો.

(ચ) સેવ કર્યા બાદ, એક પોપ-અપ વિન્ડો ખુલશે. જેમાં તમારો 'એપ્લીકેશન નંબર' મળશે. જે ઉદાહરણરૂપે આ પ્રમાણેનો હશે. દા.ત. '**HCG/202324/106/11111**' જે નંબર નોંધી લેવો અને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી પોતાની પાસે સાચવીને રાખવો. આ જ સ્ક્રીન/પેજમાં "**Show Application Preview**" બટન ઉપર ક્લીક કરવાથી તમે ભરેલ તમામ વિગતો દેખાશે. જેની ખરાઈ કરી લેવી.

(છ) ત્યારબાદ '**Upload Photograph**' બટન પર ક્લિક કરી સ્કેન કરેલ ફોટો અને ત્યારબાદ '**Upload Signature**' બટન પર ક્લિક કરી સ્કેન કરેલ સહી જે તે જગ્યા પર અપલોડ કરવા. ઉમેદવારે ખાતરી કરી લેવી કે ફોટો અને સહી બન્ને વ્યવસ્થિત દેખાય છે.

**નોંધઃ જે સહી સ્કેન કરીને ઓનલાઇન એપ્લીકેશનમાં અપલોડ કરવામાં આવશે તેવી જ સહી ઉમેદવારે સમગ્ર ભરતી પ્રક્રિયાના દરેક તબક્કે કરવાની રહેશે. જો સહીમાં ફેરફાર જણાશે, તો ઉમેદવારની ઉમેદવારી રદ કરવા યોગ્ય પગલા લેવામાં આવશે.**

(જ) જો કોઈ ભુલ રહી ગઇ હોય તો, તેને સુધારવા માટે '**Edit Application**' બટન ઉપર ક્લીક કરી, જરૂરી વિગતો જેવી કે '**Application Number**' અને '**Birth Date**' ભર્યા બાદ, જે એપ્લીકેશન ફોર્મ ખુલે તેમાં સુધારા-વધારા કરી, ફરીથી સેવ કરવી.

(ઝ) જો તમામ વિગતો સાચી અને ભૂલરહિત જણાય તો 'Confirm Application' બટન ઉપર ક્લીક કરી, અરજીને Confirm/કન્ફર્મ કરવાની રહેશે.

**નોંધઃ ખાસ યાદ રાખો કે એકવાર કન્ફર્મ થઇ ગયેલ અરજી એટલે કે કન્ફર્મેશન નંબર આવી ગયા બાદ, અરજીમાં કોઈપણ સંજોગોમાં ફેરફાર થઇ શકશે નહીં અને તે અરજી માન્ય ગણવામાં આવશે. આથી અરજી કન્ફર્મ કરતા પહેલા, પ્રિવ્યુનો ઉપયોગ કરી, તમામ વિગતો ચકાસી લેવી હિતાવહ અને સલાહભર્યુ છે. કન્ફર્મ અરજીમાં અન્ય કોઈપણ પ્રકારના સુધારા વધારા કરવા અંગેની કોઈપણ પ્રકારની વિનંતિ હાઈકોર્ટ દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે નહીં.**

(ટ) **Confirm Application** બટન ઉપર ક્લીક કરવાથી એક પોપ-વિન્ડો ખુલશે, તેમાં તમારો **Application No.** (અરજી ક્રમાંક) અને **Date of Birth** (જન્મ તારીખ) લખ્યા બાદ, **Confirm Application Button** ઉપર ક્લીક કરો. ત્યારબાદ **Confirmation**

**No.** દેખાશે, તે નોંધી લેવો અને સાચવીને રાખવો. આ ઉપરાંત તમારા રજીસ્ટર્ડ મોબાઈલ નંબર ઉપર એક **SMS** પણ મળશે, જેમા કન્ફર્મેશન નંબર હશે. આથી આ **SMS** ડિલીટ કરવો નહીં અને સાચવીને રાખવાનો રહેશે.

(ઠ) ત્યારબાદ ઉમેદવારે '**Print Application/Pay Fee**' ઉપર ક્લીક કરી જરૂરી ફી ભરવી. ત્યાં આપેલ 'Instruction/Help' ને ધ્યાનપૂર્વક વાંચીને, **સૂચના ક્રમાંક-૪ (ખ)(૧)(અ) અને (બ) માં દર્શાવેલ જરૂરી સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.**

**નોંધ : કેશ ચલણમાં દર્શાવેલ અંતિમ તારીખ અને સમય પછી જરૂરી ફી ભરી શકાશે નહીં.**

(ડ) છેલ્લે Print Application ઉપર ક્લીક કરી, અરજીની બે પ્રિન્ટ મેળવી લેવી. જે ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાની રહેશે અને તે હાલ હાઈકોર્ટને મોકલવાની રહેશે નહીં. પરંતુ જ્યારે ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે બોલાવવામાં આવે ત્યારે એક નકલ સાથે લઈને આવવાની રહેશે. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ બાદ તેને પ્રિન્ટ કરી શકાશે નહીં, જેની ખાસ નોંધ લેવી.

**નોંધઃ** કન્ફર્મેશન નંબર ભુલાઈ ગયેલ હોય તો અરજીનો નંબર / મોબાઈલ નંબર અને જન્મ તારીખના આધારે **https://hc-ojas.gujarat.gov.in** ઉપર ઉપલબ્ધ 'Candidate Assistance–Candidate Details' ના માધ્યમથી મેળવી શકશે.

(ઢ) ઉમેદવારે કોઈપણ સંજોગોમાં **એકથી વધારે** ઓનલાઈન અરજી કરવી નહીં.

(ણ) **ઉપર જણાવેલ રીત મુજબ જ ઉમેદવારે ઓનલાઈન અરજી કરવાની રહેશે તથા અન્ય કોઈપણ રીતે/માધ્યમથી કરેલ કોઈપણ અરજી તથા અધૂરી અરજીઓને ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.**

## ૯. <u>સામાન્ય સૂચનાઓઃ</u>

(૧) હાઈકોર્ટની રોજબરોજની કામગીરીને અડચણ ન થાય તે માટે ઉમેદવારે સામાન્ય પૂછપરછ માટે ફોન દ્વારા અથવા રૂબરૂમાં હાઈકોર્ટનો સંપર્ક કરવો નહીં. તેને બદલે હાઈકોર્ટની વેબસાઈટ તથા SMS સમયાંતરે **ચેક કરતા રહેવું.**

(૨) ઉપલી વયમર્યાદા/ફી માં છૂટછાટ અથવા અનામત જગ્યા માટે અનામત વર્ગના ઉમેદવારો એટલે કે **SC/ST/SEBC/DA(PH), Ex-Servicemen & EWS** ઉમેદવારોને લાગુ પડતા પ્રમાણપત્રો હાઈકોર્ટ ખાતે રજુ કરવાના રહેશે. ઉમેદવારની યોગ્યતા નક્કી કરવાના અંતિમ નિર્ણયની સત્તા હાઈકોર્ટને રહેશે.

(૩) પસંદગી પામેલ ઉમેદવારે ફરજીયાત હાઈકોર્ટે નક્કી કરેલ ધારા-ધોરણ મુજબ મેડીકલ ઓથોરિટી પાસે મેડીકલ ટેસ્ટ પાસ કરવો પડશે. જ્યાં સુધી હાઈકોર્ટ દ્વારા નક્કી કરેલ તબીબી સત્તાધિકારી (મેડીકલ ઓથોરિટી) દ્વારા ઉમેદવારની યોગ્યતા પ્રમાણિત કરવામાં ન આવે ત્યાં સુધી પસંદગી પામેલ ઉમેદવારને નિમણુંક અથવા નિમણુંક પામેલ ઉમેદવારને લાંબા ગાળાની સેવાઓ માટે યોગ્ય ગણવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.

(૪) જે ઉમેદવારોએ ઓનલાઈન અરજી કન્ફર્મ કરી હશે અને સમય મર્યાદામાં નિયત ફી ભરી હશે તેની અરજી માન્ય ગણવામાં આવશે.

(૫) ઉમેદવારની યોગ્યતા અથવા કોઈપણ પરીક્ષામાં બેસવા/આપવા દેવા માટે હાઈકોર્ટનો નિર્ણય આખરી ગણાશે. જે ઉમેદવારોને હાઈકોર્ટ સત્તામંડળ દ્વારા 'પ્રવેશપત્ર/કોલલેટર' ઈસ્યુ કરવામાં ન આવે તેમને પરીક્ષામાં બેસવા/આપવા દેવામાં આવશે નહીં.

(૬) હાઈકોર્ટ દ્વારા નક્કી કરવામાં આવે તે સ્થળે અને સમયે, રૂબરુ પરીક્ષામાં અને કૂકિંગ સ્કિલ ટેસ્ટમાં હાજર રહેવા, ઉમેદવારે સ્વખર્ચે આવવા–જવાનુ રહેશે.

(૭) ઉમેદવારે ઓનલાઈન અરજીનો નંબર, કન્ફર્મેશન નંબર અને જન્મતારીખના આધારે **https://hc-ojas.gujarat.gov.in** ના માધ્યમથી પરીક્ષા માટેનો પ્રવેશપત્ર/કોલલેટર, જે તે પરીક્ષાની તારીખના એક અઠવાડીયા અગાઉ ડાઉનલોડ કરી તેની પ્રિન્ટ પોતાની પાસે રાખવાની રહેશે તેમજ ઉમેદવારની ઓનલાઈન અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર SMS દ્વારા જાણ કરવામાં આવશે.

(૮) યોગ્ય ઉમેદવારોની યાદી હાઈકોર્ટ વેબસાઈટ તથા HC–OJAS પોર્ટલ ઉપર જે તે સમયે મૂકવામાં આવશે.

**નોંધઃ** પરીક્ષાનો પ્રવેશપત્ર/કોલલેટર પરીક્ષાની તારીખ સુધી જ ડાઉનલોડ કરી શકાશે,જેની ખાસ નોંધ લેવી.

(૯) ઉમેદવારે પરીક્ષા વખતે **પ્રવેશપત્ર/કોલલેટર અને નીચે પૈકી કોઈપણ એક ઓરીજનલ ઓળખકાર્ડ** લઈને આવવાનુ રહેશે.

**(ચૂંટણીકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ, આધારકાર્ડ, પાસપોર્ટ, સરકારી કર્મચારીના કિસ્સામાં ખાતાના વડા તરફથી ઈસ્યુ કરવામાં આવેલ ઓળખકાર્ડ)**

(૧૦) ઉમેદવારે **મોબાઈલ/સેલફોન/સ્માર્ટફોન, સ્માર્ટ વોચ, ટેબ્લેટ્સ, લેપટોપ, મોટી બેગ્સ, યાંત્રિક ઉપકરણો, સ્ટોરેજ ડિવાઈસીસ કે અન્ય મટીરીયલ્સ** લઈ પરીક્ષા કેન્દ્રના કેમ્પસમાં પ્રવેશ કરવાની સખ્ત મનાઈ ફરમાવામાં આવે છે.

(૧૧) જો કોઈ ઉમેદવાર પરીક્ષાના સમયગાળા દરમિયાન કોઈ **ગેરવાજબી પ્રવૃત્તિ** જેવી કે **ચોરી કરવી કે ગેરવર્તન કરવુ કે યાંત્રિક ઉપકરણો તેમજ મોબાઈલનો ઉપયોગ કરવો, પ્રશ્નપત્ર/ઉત્તરવહી સાથે ચેડા કરવા કે જે તે પરીક્ષા સાથે સબંધિત હોય તેવી કોઈપણ વ્યકિતની મદદ લેવી કે અન્ય કોઈ અનધિકૃત પ્રવૃત્તિ** કરતા જણાશે, તો તે ઉમેદવારને જે તે તબક્કે જ અથવા ચોક્કસ વર્ષ માટે અથવા કાયમી ધોરણે જે પૈકી હાઈકોર્ટ દ્વારા જે નક્કી કરવામાં આવે તે મુજબ ગેરલાયક ઠરાવવામાં આવશે.

(૧૨) ભરતી પ્રક્રિયાના અંતે ઉમેદવારો (જેને ગેરલાયક ઠેરવવામાં આવ્યા હોય તે સિવાયના ઉમેદવારો) પરીક્ષામાં મેળવેલ ગુણ હાઈકોર્ટના OJAS પોર્ટલ **https://hc-ojas.guj.gov.in** ના માધ્યમથી પોતાના માર્કસ મેળવી/જાણી શકશે. ઉમેદવારે આ માટે ઉપર્યુક્ત **HC-OJAS** પોર્ટલના ઉપયોગ દરમિયાન, દરેક ઉમેદવારને તેઓના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર ઉપર મોકલવામાં આવેલ **OTP (One Time Password)** નો ઉપયોગ કરવાનો રહેશે. ગેરલાયક ઠરાવેલ ઉમેદવારોને તેમના માર્કસ જણાવવામાં આવશે નહીં.

(૧૩) ઉમેદવાર પરીક્ષામાં સફળ થવા અથવા પસંદગી યાદીમાં સ્થાન મેળવવા માત્રથી જ નિમણૂંક મેળવવા હકદાર બનશે નહીં જેની ખાસ નોંધ લેવી.

(૧૪) ઉમેદવારોની જે તે યાદી (લીસ્ટ) તૈયાર કરવા માટે યોગ્ય પદ્ધતિ અપનાવવાની હાઇકોર્ટને અબાધિત હક રહેશે.

(૧૫) જ્યારે હોઈકોર્ટ દ્વારા પ્રમાણપત્ર ચકાસણી/ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે બોલાવવામાં આવે ત્યારે નિયત કરેલ જગ્યાએ ઉમેદવારની સહી દર્શાવતી 'Confirmed' **ઓનલાઇન અરજીની પ્રિન્ટઆઉટ** અને ફી ભર્યા અંગેની જરૂરી 'e-receipt/ કેશ ચલણ / ફી ભર્યા અંગેનો પુરાવો' ની કોપી સાથે નીચે જણાવ્યા મુજબના **જરૂરી અસલ પ્રમાણપત્રો** તથા **તે પ્રમાણપત્રોની** પ્રમાણિત કરેલ સુવાચ્ય નકલોનો એક સેટ, નીચે મુજબ ક્રમમાં ગોઠવી ઉપસ્થિત થવાનુ રહેશે.

(ક) તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો **ફોટો** જે તે જગ્યા પર ચોંટાડવાનો રહેશે.

(ખ) **શાળા છોડ્યા અંગેનુ પ્રમાણપત્ર** અથવા જન્મ અને મરણ નોંધણી અધિનિયમ હેઠળ ઈસ્યુ કરવામાં આવેલ **જન્મ અંગેનુ પ્રમાણપત્ર.**

(ગ) જરૂરી ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત (ફકરા નંબર ૩(ક) માં જણાવ્યા મુજબ) અંગેનુ માન્ય બોર્ડ તરફથી આપવામાં આવેલ **ગુણપત્રક અને પ્રમાણપત્ર.** આ ઉપરાંત વધારાની લાયકાત ધરાવતા હોય તો તે અંગેના નિર્ણાયક વર્ષ/છેલ્લા વર્ષના ગુણપત્રક(માર્કશીટ) અને **પ્રમાણપત્રો** ક્રમમાં ગોઠવવા.

(ઘ) ઉમેદવારે એપ્લીકેશનમાં દર્શાવેલ સંસ્થામા રસોઈઆ તરીકે મેળવેલ અનુભવનું સક્ષમ અધિકારીનું આપવામા આવેલ પ્રમાણપત્ર.

(ચ) **અનુ.જાતિ/અનુ.જનજાતિ/સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના** ઉમેદવારોના કિસ્સામાં **જાતિ અંગેનુ પ્રમાણપત્ર** (કાસ્ટ સર્ટીફિકેટ) તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (સા.અને શૈ.પ.વર્ગ) ના ઉમેદવારોના કિસ્સામાં **ગુજરાત રાજ્ય સરકાર** ના સક્ષમ સત્તામંડળ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ **ચાલુ નાણાંકીય વર્ષ માટે માન્ય નોન-ક્રિમીલેયર સર્ટીફિકેટ તથા આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોના** કિસ્સામાં ગુજરાત રાજયના સક્ષમ સત્તામંડળ દ્વાર ઈસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર. જે પ્રમાણપત્રની માન્યતા ગુજરાત રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત જોગવાઈઓ મુજબની હોવી જોઈએ.

(છ) શારીરિક અશક્ત/દિવ્યાંગ ના કિસ્સામાં લોકોમોટોર ડિસએબીલિટી ૪૦% થી ઓછી શારીરિક અશક્તતા નહી હોવા અંગેનું તેમજ ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ તમામ કામ કરવા સક્ષમ હોવાનું સક્ષમ સત્તામંડળ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર દ્વારાઈસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર.

(જ) જો ઉમેદવાર સામે કોઇ ફોજદારી/દીવાની/અન્ય કોઈ કેસ/ફરીયાદ દાખલ કરવામાં આવેલ /કરેલ હોય, તો તે અંગેના જરૂરી એવા તમામ અધિકૃત દસ્તાવેજો જેવા કે **એફ.આઇ.આર./ચાર્જશીટ/જજમેન્ટ વિગેરેની પ્રમાણિત નકલો** રજૂ કરવી. (આ અંગેની માહિતી ઉમેદવાર જાહેર નહીં કરે, તો જ્યારે પણ ધ્યાન ઉપર આવશે ત્યારે ઉમેદવારની **ઉમેદવારી/નિમણૂક રદ કરી કાયદેસરની સખ્ત કાર્યવાહી હાથ ધરવામાં આવશે,** જેની દરેક ઉમેદવારે નોંધ લેવી.)

(ઝ) **માજી સૈનિક** ઉમેદવાર ના કિસ્સામાં **ડીસ્ચાર્જ બુક, ઓળખકાર્ડ,** તેમજ સબંધિત તમામ **પ્રમાણપત્રો/દસ્તાવેજો,** વિગેરેની નકલ રજુ કરવાની રહેશે.

(ટ) રાજ્ય/કેન્દ્ર સરકારના ખાતામાં કામ કરતા કર્મચારીના કિસ્સામાં **અસલ (original) 'ના-વાંધા પ્રમાણપત્ર'.**

(ઠ) ડોક્ટર, એન્જીનીયર, એમ.એલ.એ./એમ.પી, રાજપત્રિત અધિકારી (ગેઝેટેડ ઓફિસર) વિગેરે જેવા પ્રતિષ્ઠિત વ્યક્તિ દ્વારા આપવામાં આવેલ **ચારિત્ર્ય** અંગેના **બે ઓરીજીનલ પ્રમાણપત્રો (છેલ્લા છ મહીનામાં આપવામાં આવેલ હોવા જોઈએ)** અને પ્રમાણપત્ર આપનાર ઉમેદવારના સગપણમાં ન હોવા જોઈએ.

(ડ) **જો નામ કે અટકમાં ફેરફાર** કરાવેલ હોય તો, તે અંગેના સરકારી રાજપત્ર (ગેઝેટ) ની નકલ.

(ઢ) સૂચના ક્રમાંક ૯ (૯) માં જણાવ્યા મુજબનું કોઈપણ એક **અસલ ઓળખપત્ર અને તેની નકલ.**

(૧૬) કોઈના નામનો ઉલ્લેખ કરીને કે અન્ય કોઈ રીતે નિમણૂંક કે પરીણામ સબંધે કરવામાં આવતી કોઈપણ પ્રકારની **લોભામણી જાહેરાતો / પ્રલોભનો /રજુઆતો** ધ્યાને લેવી નહીં.

(૧૭) ઉમેદવાર કોઈપણ રીતે **ભલામણ-લાગવગ** કરવાનો કે કરાવવાનો પ્રયાસ કરશે તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે, જેની ખાસ નોંધ લેવી.

**૧૦. સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી આ ભરતી અંગેની કોઈપણ પ્રકારની માહિતી માંગતી આર.ટી.આઇ. એક્ટ હેઠળની અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.**

**૧૧.** આ ભરતી સબંધિત કોઈપણ બાબતે **નામદાર હોઈકોર્ટનો નિર્ણય આખરી** અને તમામ ઉમેદવારોને **બંધનકર્તા** રહેશે.

**હાઈકોર્ટ ઓફ ગુજરાત,**
**સોલા, અમદાવાદ – ૩૮૦૦૬૦.**
**તારીખઃ ૦૩/૦૨/૨૦૨૪**

**Sd/-**
**રજીસ્ટ્રાર (રીક્રુટમેન્ટ)**